# ૧૨ હજારથી વધુ મહિલાઓએ સાડી પહેરીને વોકેથોન યોજ્યો



સુરત,તા.૯

સુરત શહેરમાં આજે મહાનગરપાલિકા દ્વારા 'સાડી વોકેથોન' યોજવામાં આવ્યુ હતુ. આ વોકેથોન ત્રણ કિલોમીટર સુધીનો હતો. જેના વીડિયો અને તસવીરો સોશિયલ મીડિયામાં ઘણાં જ વાયરલ થઈ રહ્યા છે. આ કાર્યક્રમમાં આશરે બાર હજારથી વધુ મહિલાઓએ ભાગ લીધો હતો.

આ મહિલાઓ જુદા જુદા પ્રાંતને રિપ્રેઝન્ટેચ કરતી હોય તેવું મનોહર દ્રશ્ય જોવા મળી રહ્યુ હતુ. આ વોકેથોનમાં કેન્દ્રીય ટેકસ્ટાઈલ્સ અને રેલવે રાજયમંત્રી, મેયર, પાલિકા કમીશ્નર સહિત અન્ય ક્ષેત્રની મહિલાઓ પણ જોડાઈ હતી અને ફિટ ઈન્ડિયાનો સંદેશ આપ્યો હતો.

મહિલાઓમાં ફિટનેસ વિશે જાગૃતિ લાવવાના હેતુથી ભારતમાં પહેલીવાર સુરતમાં સાડી વોકેથોન યોજાયું હતું. આ અંગે કેન્દ્રીય મંત્રીએ જણાવ્યુ હતુ કે, જેમા ગુજરાતના જુદા જુદા પ્રાંતની સાડીઓ પહેરીને મહિલાઓ વોકેથોન માટે આવ્યા હતા.

સુરત મહાનગરપાલિકા અને સુરત સ્માર્ટ સિટી ડેવલપમેન્ટ લિ. ના સંયુકત ઉપક્રમે મહિલાઓમાં ફિટનેશ વિશે જાગૃતિ લાવવાવાં હેતુથી સુરત શહેરમાં પોલિસ પરેડ ગ્રાઉન્ડથી પાર્લે પોઈન્ટ બ્રિજ નીચેથી યુ-ટર્ન લઈ પોલિસ પરેડ ગ્રાઉન્ડ સુધીના " સુરત સાડી વોકેથોન"નું સવારે પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતેથી શુભારંભ કરવામાં આવ્યું હતું.

# વડોદરાના ત્રિમંદિરના દર્શન કરી જનસુખાકારીની મંગલ કામના કરતા મુખ્ય મંત્રી



મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ વડોદરાના વરણામા સ્થિત દાદા ભગવાન પ્રેરિત ત્રિમંદિરના દર્શન કરવા માટે પહોંચ્યા હતા. મુખ્યમંત્રી એ ત્રિમંદિરમાં બિરાજમાન ભગવાન શ્રી સીમંધર સ્વામી, શિવ મંદિર અને કૃષ્ણ ભગવાન સમક્ષ શીશ નમાવી જનકલ્યાણની મંગલ કામના કરી હતી. પરંપરાગત નૃત્યથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

# ભડકાઉ ભાષણના મામલે કાજલ હિન્દુસ્તાનીની અંતે ધરપકડ કરાઈ

ગીર સોમનાથ, તા.૯

ઉનામાં રામનવમીના પર ભડકાઉ ભાષણ આપવાના આરોપમાં વિહિપના આગેવાન કાજલ હિન્દુસ્તાની સામે ગુનો નોંધાયા બાદ આજે પોલીસે તેમની ધરપકડ કરીને કોર્ટમાં રજૂ કર્યા હોવાનું મીડિયા રિપોર્ટના આધારે જાણવા મળ્યું છે. કાજલ હિન્દુસ્તાની જામીન અરજી કરતા ઉના કોર્ટે તે નામંજૂર કરતા જુનાગઢ જેલ હવાલે કરવાનો આદેશ કર્યો હતો. ઉલ્લેખનીય છે કે, ૩૦ માર્ચે ઉના શહેરમાં રામનવમી નિમિત્તે વીએચપી દ્વારા હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં કાજલ હિન્દુસ્તાની પહોંચ્યા હતા. કાજલ હિન્દુસ્તાનીએ આ કાર્યક્રમમાં એક સમુદાય વિશે અયોગ્ય વાતો કહી, જેથી (કોમી) તણાવ પેદા થયો. પીડિત પક્ષ કાજલ હિન્દુસ્તાની સામે એફઆઈઆરની માંગણી પર અડગ રહેતા આખરે તેમની સામે ગુનો દાખલ કરવામાં આવ્યો હતો. કાજલ પર કથિત રીતે લઘુમતી સમુદાયને નિશાન બનાવવાનો આરોપ છે. કથિત નફરત ફેલાવતા ભાષણ બાદ ઉના શહેરમાં ખળભળાટ મચી ગયો હતો. ઉના પોલીસે કાજલ વિરુદ્ધ એફઆઈઆર નોંધી હતી. જેમાં તેની સામે કલમ ૨૯૫(એ)(કોઈ પણ વર્ગના ધર્મ અથવા ધાર્મિક આસ્થાનું અપમાન કરીને તેની ધાર્મિક લાગણીઓને ઠેસ પહોંચાડવાના ઈરાદાપૂર્વક અને દૂષિત કૃત્ય) હેઠળ કેસ નોંધવામાં આવ્યો હતો.



જો આપણે કાજલ હિન્દુસ્તાનીની વાત કરીએ તો તેનું આખું નામ કાજલ સિંગલા છે, પરંતુ તેમણે સિંગલા અટક હટાવીને તેની સામે હિન્દુસ્તાની મૂકી દીધી છે. એક રિપોર્ટ અનુસાર, તેની વેબસાઈટ અનુસાર, તે રાષ્ટ્રવાદી છે અને ભારતીય સંસ્કૃતિ અને ધર્મો વિશે જાગૃતિ ફેલાવવાનું કામ કરે છે. સોશિયલ મીડિયા પર પણ તેના હજારો ફોલોઅર્સ છે. કાજલ હિન્દુસ્તાની મૂળ રાજસ્થાનના સિરોહીના છે અને હાલમાં ગુજરાતના જામનગર અને અમદાવાદમાં રહે છે. કાજલ હિન્દુસ્તાની ખુલ્લેઆમ ભારતને હિન્દુ રાષ્ટ્ર બનાવવાની હિમાયત કરે છે. તેમના કાર્યક્રમોમાં મોટી સંખ્યામાં લોકો પહોંચે છે. તે સોશિયલ મીડિયા પર આવા વીડિયો પોસ્ટ કરતી રહે છે. રામનવમીના દિવસે પણ તેઓ એક હિન્દુ સંમેલનમાં પહોંચ્યા હતા.

# પૂરતા કેન્દ્ર મળશે તો જ ૩૦ એપ્રિલે તલાટીની પરીક્ષા

## બોર્ડના ચેરમેન હસમુખ પટેલનું મોટું નિવેદન : તલાટીની પરીક્ષા અંગે ૩ દિવસમાં નિર્ણય કરાશે

અમદાવાદ, તા.૯

તલાટીની પરીક્ષા અંગે મહત્વના સમાચાર સામે આવી રહ્યા છે. આ મામલે ૈંજીજીમ્ ચેરમેન હસમુખ પટેલનું મોટું નિવેદન સામે આવ્યું છે. તલાટીની પરીક્ષા અંગે ૩ દિવસમાં નિર્ણય થશે. ૩૦ એપ્રિલે પરીક્ષા યોજાવી કે નહીં એનો નિર્ણય થશે. પૂરતા કેન્દ્ર મળશે તો જ ૩૦ એપ્રિલે તલાટીની પરીક્ષા યોજાશે. પૂરતા કેન્દ્ર નહીં મળે તો ૩૦ એપ્રિલે પરીક્ષા નહીં યોજાય.

તલાટીની પરીક્ષા ૩૦ એપ્રિલે યોજવી કે નહીં, તે અંગે ૩ દિવસમાં જ નિર્ણય લેવાશે. પંચાયત ભરતી બોર્ડના અધ્યક્ષ હસમુખ પટેલે આ નિવેદન આપ્યું છે. જૂનિયર ક્લાર્કની પરીક્ષા બાદ હવે તલાટીની પરીક્ષા પંચાયત વિભાગની પ્રાથમિકતા છે. સાથે જ તેમણે સ્પષ્ટ કર્યું કે, જો પૂરતા પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ થશે તો જ ૩૦ એપ્રિલે તલાટીની પરીક્ષા યોજવાની જાહેરાત કરીશું. તલાટીની પરીક્ષા માટે સાડા સત્તર લાખ જેટલા ઉમેદવારો છે. જેમના માટે ૫ હજાર ૭૦૦ પરીક્ષા કેન્દ્રોની જરૂર છે. પરંતુ અત્યાર સુધીમાં માત્ર ૩ હજાર ૨૨ જેટલા જ પરીક્ષા કેન્દ્રો ઉપલબ્ધ બન્યા છે. એવામાં અઢી હજારથી વધુ પરીક્ષા કેન્દ્રોની હજુ સગવડતા કરવાની બાકી છે. ત્યારે આ અંગે ફાઈનલ નિર્ણય ૩ દિવસમાં લેવાશે.

જૂનિયર ક્લાર્કની પરીક્ષાનું પેપર દરેક પરીક્ષાર્થીને લાંબુ લાગ્યું હોવાનું જાણવા મળી રહ્યું છે. સમય વધારે લાગ્યો હોવાનો દાવો કરાયો છે. આવામાં હસમુખ પટેલે કહ્યું કે, અમે પહેલાં જ પેપર લાંબુ હશે એવા સંકેત આપ્યા હતા અને પેપર લાંબુ રાખવા પાછળનો એકમાત્ર ઉદ્દેશ એ હતો કે પરીક્ષાખંડમાં બેઠા બેઠા કોઈ પરીક્ષાર્થીને ચોરી કરવાનો સમય ન મળે. વધુમાં તેમણે ઉમેર્યું કે, પેપર લાંબુ હતું તો દરેક પરીક્ષાર્થી માટે લાંબુ હતું. એટલે અન્યાય થવાનો પ્રશ્ન જ નથી. જૂનિયર ક્લાર્કની પરીક્ષામાં ઓએમઆર શીટની સાઈઝ અન્ય પરીક્ષા કરતા મોટી હોવાનો કેટલાક પરીક્ષાર્થીઓએ મુદ્દો ઉપસ્થિત કર્યો છે. આ મામલે સ્પષ્ટતા કરતા હસમુખ પટેલે કહ્યું કે, અમારા ધ્યાને આવું કંઈ આવ્યું નથી. પરંતુ હું ઓએમઆર જોઈશ અને જરૂર જણાશે તો ભવિષ્યમાં સુધારો કરીશું.

# સોરઠની કેસર કેરીનો સ્વાદ હવે વિદેશીઓ પણ માણશે

જુનાગઢ, તા.૯

ગુજરાતમાં સૌરાષ્ટ્રની કેસર કેરી અને દક્ષિણ ગુજરાતની હાફુસ કેરીનો ચટકો હવે વિદેશીઓને પણ લાગ્યો છે. ત્યારે હવે સ્વાદના શોખીન વિદેશીઓ માટે કેસર કેરી તૈયાર થઈ ગઈ છે. માવઠા બાદ કેસર કેરી માર્કેટમાં પરત ફરી છે.

ત્યારે હવે વિદેશમાં સોરઠની કેસર કેરીની વિદેશમાં નિકાસ કરવા ૪૦૦ ખેડૂતોએ રજીસ્ટ્રેશન કરાવ્યું છે. દર વર્ષે જુનાગઢની કેસર કેરી વિદેશમાં પણ જતી હોય છે. ત્યારે આ વર્ષે પણ ગુજરાતના ખેડૂતો પોતાની કેસર કેરી વિદેશમાં મોકલવા તૈયાર છે.

ગીરની પ્રખ્યાત કેસર કેરીની સોડમ ગુજરાત અને ભારત ઉપરાંત હવે સમગ્ર વિશ્વમાં ફેલાઈ ચુકી છે. ગીરની કેસર કેરી અમેરિકા અને જાપાનમાં પણ ખુબ જ ડિમાન્ડ છે. આ વખતે કેસર કેરીનું ખુબ જ ઓછુ ઉત્પાદન હોવા છતા પણ મોટા પ્રમાણસમાં કેસર કેરીનો નિકાસ થઈ રહ્યો છે. ગીરની વિશ્વ વિખ્યાત કેસર કેરીનું આજથી જૂનાગઢ માર્કેટીંગ યાર્ડમાં આગમન થઈ ગયું છે.

# રાજ્યના વિવિધ ભાગોમાં માવઠાની સંભાવના

## આકરી ગરમીનો રાઉન્ડ પણ શરુ : માવઠાની આગાહી પહેલા રાજ્યમાં અમદાવાદ સહિતના ભાગોમાં ગરમીનો પારો ૪૦ને પાર પહોંચી ગયો છે

અમદાવાદ, તા.૯

ફરી એકવાર અમદાવાદમાં વરસાદ થવાની આગાહી હવામાન વિભાગ દ્વારા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદની સાથે મધ્ય ગુજરાત, ઉત્તર-દક્ષિણ અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ થવાની આગાહી વ્યક્ત કરવામાં આવી છે. રાજ્યમાં માવઠાની આગાહી વચ્ચે આકરી ગરમી પણ શરુ થઈ ગઈ છે. હવામાન વિભાગ દ્વારા જાહેર કરેલા આંકડા પ્રમાણે ગરમીનો પારો સતત ઉપર જઈ રહ્યો છે. રાજ્યમાં તાપમાન ૪૦ ડિગ્રીને પાર જતું રહ્યું છે. આમ છતાં આકરી ગરમી વચ્ચે વરસાદની આગાહી વ્યક્ત કરવામાં આવી રહી છે.

હવામાન વિભાગે ત્રણ દિવસ સુધી હવામાન સૂકું રહેવાની આગાહી કરી છે અને તે પછી વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે તારીખ ૯થી ૧૧ સુધી હવામાન સૂકું રહેવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. ત્રણ દિવસ હવામાન સૂકું રહેવાની આગાહી બાદ રાજ્યના અમદાવાદ સહિતના ભાગોમાં કમોસમી વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરવામાં આવી છે. હવામાન વિભાગે મધ્ય ગુજરાતની સાથે ઉત્તર ગુજરાતના અને સૌરાષ્ટ્રના ભાગોમાં વરસાદ થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે.

તારીખ ૧૨ એપ્રિલે હવામા વિભાગે હળવો વરસાદ કે થંડરશાવર થવાની શક્યતાઓ વ્યક્ત કરી છે. જેમાં અમદાવાદ સહિત આણંદ, વડોદરા, બનાસકાંઠા અને સાબરકાંઠામાં વરસાદ થવાની આગાહી છે. આ સિવાય સૌરાષ્ટ્રના બોટાદ, અમરેલી અને ભાવનગરમાં પણ વરસાદ થવાની સંભાવનાઓ વ્યક્ત કરવામાં આવી છે.

૧૩મી એપ્રિલે પણ અમદાવાદમાં વરસાદ થવાની સંભાવનાઓ હવામાન વિભાગ વ્યક્ત કરી રહ્યું છે. હવામાન વિભાગે આ સાથે ઉત્તર ગુજરાતના સાબરકાંઠા, અરવલ્લી અને દક્ષિણ ભાગના સુરત, ડાંગ, નવસારી, વલસાડ, તાપી, દમણ, દાદરા નગર હવેલીમાં વરસાદ થવાની સંભાવના વ્યક્ત કરી છે. આ દરમિયાન બોટાદ, અમરેલી અને ભાવનગરમાં પણ વરસાદ થઈ શકે છે. રાજ્યમાં ગરમીનું જોર વધી રહ્યું છે માવઠા પહેલા આકરી ગરમીનો રાઉન્ડ શરુ થઈ ગયો છે. આજે અમદાવાદમાં ૪૦.૪ અને ભૂજમાં ૪૦ ડિગ્રી તાપમાન પહોંચી ગયું છે. આ સિવાય રાજ્યના ઘણાં ભાગોમાં ૩૯ ડિગ્રી સુધી મહત્તમ તાપમાન પહોંચી ગયું છે. હવામાન વિભાગે તાપમાનમાં ૨-૩ ડિગ્રીનો વધારો થવાની શક્યતાઓ આગામી દિવસ માટે વ્યક્ત કરી છે.

# ગુજરાતમાં કોરોનાના નવા ૨૧૮ કેસ : એક દર્દીનું મૃત્યુ

## અમદાવાદ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આજે કુલ ૯૮ નવા દર્દીઓ : ૨૬૦ દર્દીઓએ કોરોનાને હરાવતા રજા આપી દેવામાં આવી છે

અમદાવાદ,તા.૯

ગુજરાતમાં કોરોના કેસની સંખ્યામાં ચડાવઉતાર વચ્ચે આજે કોરોનાના વળતા પાણી થયા હોય તેમ પોઝિટિવ કેસની સંખ્યામાં રાહત રૂપ આંકડા સામે આવ્યા છે. તંત્ર દ્વારા સત્તાવાર રીતે જાહેર કરાયેલા આંકડા મુજબ આજે રાજ્યમાં કોરોનાના ૨૧૮ કેસ નોંધાયા છે. જ્યારે ૨૬૦ દર્દીઓએ કોરોનાને હરાવતા તેઓને રજા આપી દેવામાં આવી છે. છતાં પણ અમદાવાદમાં કોરોના કેસ અટકવાનું નામ જ લેતા નથી. તેમ આજે ૯૮ કેસ સામે આવ્યા છે. જ્યારે ૧ દર્દીએ કોરોના સામે દમ તોડ્યો હોવાનું પણ નોંધાયું છે.

આજે નોંધાયેલા શહેર-જિલ્લા વાઈસ કોરોના કેસની વાત કરવામાં આવે તો અમદાવાદ કોર્પોરેશનની હદ વિસ્તારમાં આજે કુલ ૯૮ નવા દર્દીઓ ઉમેરાના છે. જેની સામે એક દર્દીનું કોરોનાથી મૃત્યુ નીપજ્યું હોવાનું પણ સામે આવ્યું છે. આ ઉપરાંત ૧૧૧ દર્દીઓ કોરોના સામે સાજાનરવા થતા તેઓને રજા આપવામાં આવી છે. બીજી તરફ વડોદરા શહેરમાં ૨૫ કેસ, સુરત શહેરમાં ૨૨ કેસ અને પાટણમાં ૧૧ કેસ નોંધાયા છે. એ જ રીતે મહેસાણામાં ૯ કેસ અને મોરબીમાં સાત તેમજ વલસાડમાં છ કેસ અને ગાંધીનગર શહેરમાં પાંચ કેસ નોંધાયાનું સત્તાવાર રીતે સામે આવ્યું છે. જ્યારે રાજકોટમાં ચાર રાજકોટ શહેરમાં ચાર વડોદરામાં ચાર, ભરૂચમાં ત્રણ અને સુરત ગ્રામ્યમાં પણ ત્રણ કેસ સામે આવ્યા છે, તો અમદાવાદ ગ્રામ્ય પંથક અને ગાંધીનગર, ગીર સોમનાથ, કચ્છ પંચમહાલ, સાબરકાંઠામાં બે બે કેસ આવ્યા છે.

## ગાબડા પુરવા

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ખોદી નાંખવામાં આવ્યા બાદ યોગ્ય પુરાણ કરાયુ નથી જેના લીધે સેકટરોમાં ઠેર ઠેર મોટા ખાડા અસ્તિત્વમાં આવ્યા છે. આવા સંજોગોમાં સેકટરોના આંતરિક વિસ્તારમાં માર્ગ સલામતી જોખમાઈ છે. સે- ૩ સી ના રીંગ રોડ પર ઠેર ઠેર મોટા ખાડા ટેકરા જોવા મળે છે. લાઈનના ખોદકામ બાદ ડામર રસ્તા પર માટી પુરાણ કરી દેવાયુ હતુ જયારે વરસાદી વાયરા વચ્ચે માટી પોલાણ થવાના લીધે રીંગ રોડ પર વાહનચાલકોના વાહનો ઠેર ઠેર પછડાટ લેતા રહીશો તોબા પોકારી ગયા છે. જયારે દ્વચક્રી વાહનચાલકો આવા સંજોગોમાં અકસ્માતનો ભોગ બની રહ્યા છે. સે- ૪ અને સે-૫ માં પણ ઘણાં ઠેકાણે આવી જ સ્થિતિ છે. જેના લીધે રહીશો ત્રાહીમાંમ પોકારી ગયા છે. સેકટરના રીંગ રોડ પર ખાડા પુરવા માટે માટી પુરાણ નહીં પરંતુ જયાં સુધી માર્ગ રીસરફેસીંગનુ કામ હાથ ધરવામાં ન આવે ત્યાં સુધી ડામર કામથી ગાબડા પુરવામાં આવે તેવી માંગ પણ સ્થાનિકોએ કરી છે જેથી સ્થાનિકોની માર્ગ સલામતી સામેનુ જોખમ ટાળી શકાય આ મામલે અગાઉ પણ રજુઆત કરવામાં આવી હોવાછતા હજુ સુધી માર્ગ પર ઠેર ઠેર ખાડા ટેકરાની સ્થિતિ જોવા મળી રહી છે. ડામક કામ કરીને પુરાણ કરવામાં આવે તેવી લાગણી અને માંગણી પણ પ્રબળ બની છે.

## નવા ૭ કેસ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

આજે નોંધાયેલ બન્ને દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૬ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. ગ્રામ્ય વિસ્તારમાં ૭૮૦ થી વધુ લોકોને હોમ આઈસોલેટ કરવામાં આવ્યા છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં સર્વેલન્સ સઘન કરવા તેમજ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક રીતે થાય તે જોવા તાકીદ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારમાં જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા પણ જણાવવામાં આવ્યુ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં યુવાવર્ગ વધુ સંક્રમિત થઈ રહ્યો છે તે તંત્રન ચિંતા છે.

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાના નવા ૫ કેસ નોંધાયા છે. શહેરમાં આજે નોંધાયેલા પાંચ કેસમાં બે મહિલા દર્દીઓ છે. મહિલા દર્દીઓની વધી રહેલી સંખ્યાએ તંત્રની ચિંતા વધારી છે. આજે નોંધાયેલ એક પણ દર્દી ટ્રાવેલ હિસ્ટ્રી ધરાવતો નથી.

શહેરમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારમાં આજે ચાર કેસ નોંધાયા છે જ્યારે સેક્ટરમાં એક કેસ નોંધાયો છે. આજે નોંધાયેલ દર્દીઓની તબિયત સ્થિર હોવાનું તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે.

શહેરમાં સમાવિષ્ટ સરગાસણ ગામમાં આજે વધુ ૩ કેસ નોંધાયા છે. સરગાસણમાં જે રીતે કેસો વધી રહ્યા છે તેથી તંત્રની ચિંતા વધી છે. અગાઉની લ્હેરમાં પણ સરગાસણ સંવેદનશીલ વિસ્તાર તરીકે ઉભરી આવ્યુ હતુ.

સરગાસણ ગામેથી આજે એક મહિલા અને બે પુરૂષના રિપોર્ટ પોઝીટીવ આવ્યા છે.

શહેરમાં સમાવિષ્ટ વાવોલ ગામેથી ૩૧ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરના સે. ૨૦માંથી ૧૭ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

શહેરમાં આજે નોંધાયેલ પાંચેય દર્દીઓએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં આજે વધુ એક દર્દી રિકવર થતાં તેને ડિસ્ચાર્જ આપવામાં આવેલ છે. શહેરમાં હાલ ૪૦ જેટલા દર્દીઓ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે.

અગાઉની લ્હેરમાં શહેરી વિસ્તારમાં સંવેદનશીલ બનેલ વિસ્તારોમાંથી જે રીતે કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા વધી છે. તંત્રએ આ વિસ્તારોમાં સર્વેલન્સ સઘન કરવા સાથે જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તેમજ સતર્ક રહી પરિસ્થિતિ પર ચાંપતી નજર રાખી ટેસ્ટીંગના પ્રમાણમાં વધારો કરવા સૂચનાઓ આપી છે.

શહેરમાં કેસોની સંખ્યા વધી રહી છે. પણ રિકવરી રેટ સારો હોવાથી તેમજ હોસ્પિટલાઈઝેશન નહિવત્ હોવાથી તંત્રને રાહત છે.

## પારો ગરમ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વિચિત્ર મોસમની અસરથી પ્રભાવિત થયા હતા છેલ્લા ઘણાં સમયથી શહેરીજનો ત્રેવડી ઋતુની અસરથી પરેશાન છે. જયારે ઉનાળાની ગરમીના દિવસોમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાનની ચઢ ઉતર વચ્ચે કયારેક કમોસમી વરસાદ પણ છાંટણા નાંખી જતા હવામાન પલ્ટાની આડઅસરથી નગરજનો તોબા પોકારી ગયા છે. જો કે હવે છેલ્લા બે દિવસથી નગરજનો ઉનાળો આકરો બની રહ્યો હોવાનો અહેસાસ કરી રહ્યા છે. ગઈકાલની સાપેક્ષમાં આજે ગરમી વધી હતી જયારે મહત્તમ તાપમાન હવે ૪૦ ડીગ્રીની નજીક જતા આગામી દિવસોમાં વધુ આકરી ગરમી પડશે તેવી પણ સંભાવના છે. હવામાન તજજ્ઞોના મતે મહીનાના આગામી દિવસોમાં હજુ ગરમીનો પારો ૪૨ ડીગ્રી સુધી પહોંચી જશે જયારે મેં મહીનામાં પણ કાળઝાળ ગરમી પડશે મહત્તમ તાપમાન ૪૫ થી ૪૬ ડીગ્રી સુધી પહોંચી જવાની શકયતા પણ હવામાન તજજ્ઞોએ વ્યકત કરી છે.

## ૩૧૬૭ વાઘ

● અનુસંધાન પહેલાનું ચાલુ

પીએમ મોદીએ પ્રોજેક્ટ ટાઈગરના પચાસ વર્ષ પૂર્ણ થતા કહ્યું કે, બીગ કેટ્સના કારણે ટાઈગર રિઝર્વમાં પર્યટકોની સંખ્યામાં વધારો થયો છે અને આના કારણે સ્થાનિક અર્થવ્યવસ્થાને મજબૂતી મળી છે. બીગ કેટ્સની હાજરીએ દરેક જગ્યાએ સ્થાનિક લોકોનાં જીવન અને ત્યાંની ઈકોલોજી પર સકારાત્મક અસર પાડી છે. આ આપણાં લોકો માટે વધુ સુખદ છે કે જે સમયે આપણે આપણી આઝાદીના ૭૫ વર્ષ પૂર્ણ કર્યા છે એ જ સમયે દુનિયામાં વાઘોની લગભગ ૭૫ ટકા વસતી ભારતમાં જ છે. પીએમ મોદીએ સભાને સંબોધતા કહ્યું કે, આપણે સૌ એક મહત્વપૂર્ણ પડાવના સાક્ષી બની રહ્યા છીએ, પ્રોજેક્ટ ટાઈગરને ૫૦ વર્ષ પૂર્ણ થઈ ગયા છે. ભારતે ન માત્ર વાઘને બચાવ્યા છે પણ સાથો સાથ એમને વિકસિત થવા માટે ખૂબ જ સુંદર ઈકો સિસ્મટ આપી છે.

પીએમ મોદીએ કહ્યું કે, સૌથી પહેલાં હું તમારી ક્ષમા માગુ છું. હું સવારે છ વાગે ચાલ્યો ગયો હતો અને મને લાગ્યું હતું કે હું સમયસર પરત આવી જઈશ, પણ મને એક કલાક મોડુ થઈ ગયું. તમારે સૌએ મારી રાહ જોવી પડી એના માટે માફી માગુ છું. આ દરમિયાન પીએમ મોદીએ વાઘોની સંખ્યાનો લેટેસ્ટ આંકડો પણ જાહેર કર્યો હતો.

વર્ષ ૨૦૨૨માં દેશમાં વાઘોની સંખ્યા ૩૧૬૭ હતી. છેલ્લાં ચાર વર્ષમાં વાઘની સંખ્યા ૨૦૦ વધી છે. આ પહેલાં ૨૦૧૮માં આ આંકડો ૨૯૬૭ હતી. પીએમ મોદીએ પ્રોજેક્ટ ટાઈગના ૫૦ વર્ષ પૂર્ણ થવાના પ્રસંગે એક સ્મારક સિક્કો પણ જાહેર કર્યો અને ઈન્ટરનેશનલ બિગ કેટ્સ અલાયન્સ (IBCA)ની પણ શરુઆત કરી.

## ચૂંટણી જાહેર

● અનુસંધાન પહેલાનું ચાલુ

૧૧ મેના રોજ મતદાન થશે. બંને તબક્કામાં ૧૩મી મેના રોજ મતગણતરી થશે.

વાત જાણે એમ છે કે, આ પહેલા યુપી સરકાર દ્વારા મ્યુનિસિપલ ચૂંટણીમાં અનામતને લઈને નોટિફિકેશન બહાર પાડવામાં આવ્યું હતું. જેમાં અનામત બેઠકોની માહિતી પણ આપવામાં આવી હતી. જેમાં સમાજના કયા વર્ગના ઉમેદવાર કઈ બેઠક પરથી ચૂંટણી લડી શકે તે અંગે જણાવવામાં આવ્યું હતું. યુપી ચૂંટણીને લઈને ગયા વર્ષથી તૈયારીઓ ચાલી રહી હતી, પરંતુ ર્ંમ્ઝ્ર અનામતને લઈને મામલો અટવાઈ રહ્યો હતો અને ત્યારબાદ હાઈકોર્ટ દ્વારા પણ અનામત વિના ચૂંટણીની જાહેરાત કરવામાં આવી હતી. તે નિર્ણયને સુપ્રીમ કોર્ટમાં પડકારવામાં આવ્યો હતો, ત્યારબાદ એક સમિતિની રચના કરવામાં આવી હતી અને હવે ઓબીસી અનામત સાથે ચૂંટણી થશે. યુપીની ૭૬૦ મ્યુનિસિપલ સંસ્થાઓમાં ગયા વર્ષે ડિસેમ્બરમાં જ મ્યુનિસિપલ કોર્પોરેશનના મેયર, નગરપાલિકા-નગર પંચાયતના અધ્યક્ષ અને કાઉન્સિલરની ચૂંટણી કરાવવાની તૈયારી કરવામાં આવી હતી. રાજ્ય સરકારે નગરપાલિકાની ચૂંટણી માટે પણ બેઠકો અનામત જાહેર કરી હતી, પરંતુ અનામત અંગેનો મામલો હાઈકોર્ટમાં ગયો હતો.

જ્યારે હાઈકોર્ટે ઓબીસી અનામત વિના તાત્કાલિક ચૂંટણી કરવાનો આદેશ આપ્યો ત્યારે યુપી સરકાર તેની સામે સુપ્રીમ કોર્ટમાં પહોંચી હતી. સુપ્રીમ કોર્ટના આદેશ પર યુપી સરકારે નિવૃત્ત ન્યાયાધીશ રામ ઓતર સિંહની અધ્યક્ષતામાં પાંચ સભ્યોના ઓબીસી કમિશનની રચના કરી હતી, જેણે પોતાનો સર્વે રિપોર્ટ સરકારને સુપરત કર્યો હતો અને કોર્ટે તેનો સ્વીકાર પણ કર્યો હતો. આ પછી ચૂંટણી પંચે તેનું જાહેરનામું બહાર પાડ્યું છે.

## મારામારી

● અનુસંધાન પહેલાનું ચાલુ

અન્ય સુરક્ષાકર્મીઓએ બંનેને સમજાવીને વિવાદ શાંત પાડ્યો હતો. આ સમગ્ર મામલે વિવાદનું કારણ હાલ બહાર આવ્યું નથી.

લેડી બાઉન્સર અને લેડી કોન્સ્ટેબલ વચ્ચેના આ વિવાદ બાદ બંને પક્ષો તરફથી પોલીસમાં કોઈ ફરિયાદ નોંધાઈ નથી. એવું માનવામાં આવે છે કે કથા વ્યવસ્થા ગોઠવવામાં સામેલ લોકોએ બંનેને સમજાવીને વિવાદને શાંત પાડ્યો હતો, જેના કારણે બંને પક્ષો ફરિયાદ લઈને પોલીસ સુધી પહોંચ્યા ન હતા. ત્યાં જ કેટલાક લોકોએ કથા વ્યવસ્થાની ગોઠવણ પર સવાલો ઉઠાવ્યા છે. તેઓનું કહેવું છે કે જો સુરક્ષાકર્મીઓ એકબીજા સાથે લડશે તો ભક્તોની સંભાળ કોણ રાખશે.